અપીલ અરજી નં.૮૧ તા.૩–૭–'૦૮.

***અરજદાર*** : શ્રી અહમદ હુસેન મો. આઝમ બોમ્બેવાલા
***સામાવાળા***: આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન.

## ***હુકમ:–***

વિષય:–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અહમદ હુસેન મો. આઝમ બોમ્બેવાલાની તા.૧૯–૫–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ (ક) મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩–૭–'૦૮ ની અપીલ અરજી નં.૮૧/–૦૮–૦૯

શ્રી અહમદ હુસેન મો. આઝમ બોમ્બેવાલાની તા.૧૯–૫–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ (ક) મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ આપવા બાબતે પત્ર નં.રાઈટ ટુ ઈન્ફર્મેશન સે.ઝોન/૨૮૧ તા.૧૨–૬–૦૮ થી પાઠવેલ જવાબ માંગેલ વિગત સાથે સુસંગત નથી તેવા કારણસર નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં વિલંબ/વિસંગતતા બાબતે સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯૪ તા.૧૧–૭–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવેલ પત્રની અત્રે મોકલાવેલ નકલ મુળ અરજીની નકલ સહ અત્રે મળેલ છે. જે મુજબ અરજદારે નિર્દિષ્ટ મિલ્કતના મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ માંગેલ. જેની સામે જાહેર માહિતી અધિકારી ધ્વારા પ્લાન મંજુર થયેલ ન હોવાનું જણાવેલ તેથી માંગેલ વિગતો આપવાનો પ્રશ્ન રહેતો નથી તેવી માહિતી આપેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૯–૫–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અંગે રાઈટ ટુ ઈન્ફર્મેશન સે.ઝોન/આ.નં.૨૮૧ તા.૧૨–૬–૦૮ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીકક્ષાએથી હકીકતલક્ષી વિગત પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

અરજદારની અપીલ અરજીમાં જણાવેલ મુળ અરજીથી અલાયદા મુદ્દાઓ અંગે લાગત જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમ અનુસાર અલગ અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ માટે
(૨) શ્રી અહમદ હુસેન મો. આઝમ બોમ્બેવાલા,૬૮/પટની કોલોની, મુગલીસરા,સુરત.,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.